# વીમા પોલીસી, પીપીએફ બેંક એકાઉન્ટસ-એફડીઃ નોમિનીનું મહત્વ

**નાણાં વિનાનો નાથિયો એ કહેવત આપણે જાણીએ છીએ, કિંતુ વિવિધ સાધનો- યોજનામાં રોકાણ કર્યા બાદ વ્યકિતએ જો નોમિની રાખ્યા ન હોય અને યોગ્ય વિલ ન બનાવ્યું હોય તો તેના અવસાન બાદ તેના પરિવારજનો નાણાં નજર સામે હોવાં છતાં પણ નાણાં વિનાના નાથિયા બની જઇ શકે છે...**

અગાઉ આપણે આ વિભાગમાં નોમીની અને કાનુની વારસદાર વચ્ચેના મુળભુત ફરક અને અધિકારોની ચર્ચા કરી. આ વખતે આપણે વિવિધ રોકાણ સાધનો-એસેટસ માટે નોમિની અને કાનુની વારસદારનું મહત્વ સમજવાનું છે, જેમાં જીવન વીમા પોલીસી, બેંક એકાઉન્ટસ અને ફિક્સ્ડ ડિપોઝિટસનો પણ સમાવેશ થાય છે. ભુતપુર્વ બેન્કર (લીગલ ડિપાર્ટમેન્ટ) અજીત જયોર્જના ઊંડા અભ્યાસ અને અનુભવોને આધારે આ સમજ પ્રસ્તુત કરાઈ છે.

### બેંક એકાઉન્ટસ અને ફિકસ્ડ ડિપોઝિટ

બેંકમાં સેવિંગ, કરન્ટ એકાઉન્ટસ, ફિક્સ્ડ ડિપોઝિટ અને રિકરિંગ ડિપોઝિટસમાં પણ નોમિની રાખવાનું ફરજિયાત છે, આમ તો અગાઉથી જ આ પ્રથા રહી હતી, જેમ કે તમે બેંકમાં ફોર્મ ભરો ત્યારે જ તેમાં નોમિની માટે બે વિકલ્પ આપવામાં આવે છે. પ્રથમ વિકલ્પ અને બીજા વિકલ્પ એમ બે નોમિની રાખી શકાય છે. તેમછતાં જો તમે આ મામલે નોમિની રાખ્યા ન હોય તો તમે બેંક સાથે હવે પણ આ વિધિ કરી શકો. તમારે બેંકમાં જઇ ફોર્મ ડીએ-૧ ભરવાનું રહે છે અને જો તમારે નોમિની રદ કરવા હોય અથવા તેમાં ફેરફાર કરવા હોય તો ફોર્મ ડીએ-૨ ભરવાનું રહે છે. આ કાર્ય તમે ગમે ત્યારે કરી શકવાની સ્વતંત્રતા છે.

### પીપીએફ (પબ્લિક પ્રોવિડન્ટ ફંડ) ના કિસ્સામાં

આ કિસ્સામાં એક વાત સ્પષ્ટ સમજી લો કે જો તમારી રૂ. ૧૦ લાખ જેટલી રકમ પીપીએફમાં પડી છે અને તમે કોઈને નોમિની રાખ્યા નથી તો તમારા અવસાન બાદ આ પીપીએફમાંથી તમારા કાનુની વારસદારને માત્ર રૂ ૧ લાખ મળશે. પીપીએફમાં તમે એક કે વધુ વ્યકિતને નોમિની રાખી શકો છો. તમે હજી પણ આ કામ ચોકકસ ફોર્મ ભરીને કરી શકો છો.  પરંતુ જો તમે માઈનરના નામે પીપીએફ એકાઉન્ટ ખોલાવ્યું હોય તો નોમિની રાખી શકતા નથી, કેમ કે તેમાં ગાર્ડિયન તરીકે તમે છો જ.

### જીવન વીમાના કેસમાં

BSE - INTERNAL

લાઇફ ઇન્સ્યુરન્સ પોલીસીના કેસમાં તમે એક કે વધુ નોમીની રાખી શકો છો, જેમાં મહત્વનું એ છે કે તમારે દરેક નોમિનીનો હિસ્સો કેટલો રહેશે એ નોંધાવવું પડે છે. જીવન વીમાનો હેતૂ સામાન્ય રીતે પોતાના મૃત્યુ બાદ પરિવારના ટેકા માટે ચોકકસ રકમ મુકી જવાનો હોય છે, જેથી લાઇફ ઇન્સ્યુરન્સના કિસ્સામાં તમારે નોમિની તરીકે પ્રથમ પસંદગી પરિવારના સભ્યની કરવાની રહે છે, જો તમે પરિવાર સિવાયની વ્યકિત કે થર્ડ પાર્ટીને નોમિની બનાવવા માગતા હો તો તમારે જીવન વીમા કંપની સમક્ષ આ માટેના વાજબી કારણો-પુરાવા આપવા પડે છે. જેનાંથી એ સાબિત થાય કે એ પરિવાર બહારની વ્યકિત તમારી એ રકમમાંથી હિસ્સો મેળવવા પાત્ર છે. આ માટે જીવન વીમા પોલીસીમાં ચોકકસ જોગવાઇ-કલોઝ આમેજ કરાયો છે. જોકે આ મામલામાં પણ તમે નોમિનીમાં ફેરફાર -રદબાતલ કરી શકો છો. પરંતુ જો તમે નોમિની રાખ્યા જ નહી હોય તો તમારા પર નિર્ભર પરિવારના સભ્યો માટે જીવન વીમાની રકમ મેળવવાનું કઠિન બની શકે. અહી એ નોંધવું જરૂરી છે કે હવે તો વીમા ક્ષેત્રે તીવ્ર હરીફાઇ ચાલી રહી છે, ખાનગી કંપનીઓ પોતાના શરતો-ધોરણો જાહેર ક્ષેત્રની કંપનીઓથી જુદા રાખતી હોય છે. અલબત્ત, આ બધાંએ ઇન્સ્યુરન્સ રેગ્યુલેટરી ઓથોરિટીઝના નિયમનોનું પાલન કરવાનું રહે છે.

## વિલ વિના ઈચ્છા પુરી ન થઈ

એક ઉદાહરણ સ્વરુપે જોઇએ, અનિલ દેસાઇ (કાલ્પનિક નામ) નામની વ્યકિતનું અચાનક પપ વરસની ઉંમરે અવસાન થાય છે, તેના સંતાનો આર્થિક રીતે સધ્ધર અને સંપન્ન હોવાથી અનિલ દેસાઇએ પોતાના જીવતા જ પોતાની બધી જ મિલકત પત્નીને મળે એવી ગોઠવણ કરવાના હેતૂથી વીમા પોલીસી, મ્યુચ્યુઅલ ફંડસ, વગેરેમાં પત્નીને જ નોમિની રાખી હતી, કિંતુ અનિલ દેસાઈના અવસાન બાદ તેની ધારણા કે ઇચ્છા મુજબ થઇ શકયું નહી, કારણ કે અનિલ દેસાઈએ તેનું વિલ બનાવ્યું નહોતું, પરિણામે તેના અવસાન બાદ કાનુની વારસદાર તરીકે પત્ની ઉપરાંત તેના સંતાનોનો પણ અધિકાર આવી ગયો. જેને લીધે પત્ની નોમિની હોવાછતાં એ મિલકત દરેક કાનુની વારસદારને સરખા ભાગે મળી. તેની સંપૂર્ણ મિલકત પત્નીને મળી શકી નહી. અનિલ દેસાઈથી એક જ ભુલ થઇ ગઈ હતી, તેણે પોતાનું વસિયતનામુ બનાવીને એવું લખ્યું નહોતુ કે તેના મરણ બાદ બધી જ એસેટસ માત્ર તેની પત્નીને જ મળે.

આમ નોમિની, વિલ, કાનુની વારસદારો અને સંપત્તિની વહેંચણી અંગે પુરતી સમજણના અભાવે વિવિધ વિવાદો ચાલ્યા કરે છે. તેમ જ અધૂરા જ્ઞાન કે સમજણના અભાવે યોગ્ય રીતે આ વિધિ પાર પડાઇ ન હોય તો વ્યકિતએ પોતાના પરિવારના સભ્યો-સ્વજનો માટે વરસોથી મહેનત કરી બચાવેલી રકમ મેળવવામાં આ સભ્યોને જ સૌથી વધુ તકલીફ પડી શકે છે. આ વિષયમાં તમે જો યોગ્ય આયોજન કર્યુ હોય તો પ્રોફેશનલ વ્યકિત પાસેથી આ કામ કરાવી લેવું જોઇએ.

(નોંધ-જયેશ ચિતલિયાનો આ લેખ તેમના અંગત અભ્યાસ અને વિચારો આધારિત છે. આ માટે બીએસઇ કોઇ રીતે જવાબદાર નથી. વાચકો પોતે સમજીને અને પોતાના સલાહકારની સલાહ લઇ અમલ કરવાનું વિચારે.)